### વીર કવિ નર્મદની આત્મકથા 'મારી હકીકત' પર આધારિત

# નર્મદ - ડાહી ગૌરી સંવાદ વાચિક્મની ઓનલાઇન રજૂઆત થઈ

ગાંધીનગર, તા. ૩૧

વીર કવિ નર્મદની આત્મકથા 'મારી હકીકત' પર આધારિત વાચિક્મ રવિવારે ખૂબ જ રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવ્યું. 'મારી ભાષા ગુજરાતી' રવિવારીય સાપ્તાહિક ઓનલાઈન ઉપક્રમ અંતર્ગત ઝૂમ મીટિંગ્સ પર દિલ્હીથી યોજાયેલ આ કાર્યક્રમમાં સુરતથી જાણીતા નાટ્યકાર અને કટારલેખક નરેશ કાપડિયા અને કવયિત્રી તથા રંગભૂમિ કલાકાર યામિની વ્યાસે નર્મદ અને ડાહીગૌરીની ભૂમિકામાં સંવાદ રજૂ કરી શ્રોતાઓને ગુજરાતી સાહિત્યમાં અર્વાચીનોમાં આદ્ય એવા પ્રખર સમાજસુધારક કવિ નર્મદના દોઢ સદી અગાઉના દામ્પત્યજીવનની સુપેરે ઝલક આપી હતી.

વાચિક્મના એક દશ્યમાં પિયરેથી પાછી આવેલી પત્ની ડાહીગૌરી સાથે નર્મદના થયેલા સંવાદની રજૂઆત આબેહૂબ શૈલીમાં રજૂઆત થઈ હતી. નર્મદના સાશંકસહજ પ્રશ્નો કરી નરેશે અને ડાહીગૌરીના સહજ સંવાદ યામિનીએ સાભિનય રજૂ કરી જૂના જમાનાની નારીના સહજ વાણીવર્તનનું અદ્દલ પ્રતિબિંબ ખડું કર્યું હતું. નર્મદની ભૂમિકામાં કાપડિયાએ 'મારી હકીકત'માં વર્ણિત નર્મદની પોતાના જન્મ અને જન્મસ્થળ સુરતના આમલીરાન વિષે તેમ જ આત્મકથા લખવા અને છપાવવા બાબતની કેફિયત રજુ કરી હતી. આ કાર્યક્રમની પરિકલ્પના, વાચિક્મ સ્ક્રીપટ લેખન અને સંયોજન તેમ જ આયોજન દિલ્હીથી ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.




તેમના ઓનલાઈન અઠવાડિક કાર્યક્રમ 'મારી ભાષા ગુજરાતી'ના બારમો અંક કવિ નર્મદને સમર્પિત કરાયો હતો જેમાં કાપડિયા અને પટેલ વચ્ચે રસપ્રદ સંવાદની આપલે થઈ હતી. આ સંવાદ માધ્યમે કવિ તરીકેની નર્મદની વિશિષ્ઠ કેફિયતની રોચક રજૂઆત કરાઈ હતી.

સુરતથી જાણીતાં શાસ્ત્રીય ગાયિકા સોનલ વ્યાસે નર્મદનાં ગીતો 'જય જય ગરવી ગુજરાત,' 'ડગલું ભર્યું કે ના હઠવું,' 'યાહોમ કરીને પડો ફતેહ છે આગે' અને અન્ય ગીતો બહુ મધુર સ્વરમાં અને આકર્ષક શૈલીમાં રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમના પ્રાસ્તાવિકમાં દિલ્હીથી ઉદ્ઘોષિકા અને અભિનેત્રી રાખી રાંકાનો સહકાર મળ્યો હતો. કાર્યક્રમના નિયમિત ભાગીદારો પૈકી સર્વશ્રી રણછોડ શાહ, મનોજ બારોટ, સાધના વ્યાસ, મીતા સંઘવી, કિરીટ પરીખ, બીના શેઠ, ધર્મજ્ઞા રાવલ, કુલીન પટેલ, વિજય પંચાલ અને બેહરીનથી હરીશ મહેતાએ પોતાના વિચારો તથા અભિપ્રાય વ્યક્ત કર્યા હતા.

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા 'ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ' વિષય પર રાષ્ટ્રીય કક્ષાનો વેબીનાર યોજાયો

ચિલોડા, તા. ૩૧

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિધાશાખા અને ઈ.ટી.આઈ., સાદરા દ્વારા રાષ્ટ્રીય ખેલ દિવસ અને મેજર ધ્યાનચંદના જન્મદિવસ પર ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ વિષય પર રાષ્ટ્રીય કક્ષાનો વેબીનારનો આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય અતિથી તરીકે ડૉ. કમલકુમાર કર, સહાયક કાર્યક્રમ સલાહકાર, યુવા ઔર ખેલ મંત્રાલય, રાષ્ટ્રીય સેવા યોજના નિદેશાલય, ભારત સરકાર તથા અતિથી વિશેષ તરીકે શ્રી રમેશભાઈ માછી, રાજ્ય સંપર્ક અધિકારી, રાષ્ટ્રીય સેવા યોજના, ગુજરાત સરકાર વર્ચુઅલ માધ્યમથી પોતાની વાત કહી હતી મુખ્ય વકતા તરીકે પ્રો. જમનાદાસ સાવલિયા, ભૂતપૂર્વ ડીન, શારીરિક શિક્ષણ અને રમત વિદ્યાશાખા, ગૂજરાત વિધાપીઠ, સાદરા અને નિષ્ણાત વકતા તરીકે પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રા, ડીનશ્રી, શારીરિક શિક્ષણ અને રમત વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ, સાદરા આ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આયોજિત રાષ્ટ્રીય કક્ષાના વેબીનારમાં હાજર રહ્યા હતા મુખ્ય અતિથી ડૉ. કમલકુમાર કર સાહેબે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ ભાઈ મોદીના આ ફીટ ઈન્ડિયા મૂવમેન્ટના મંત્ર અને જન આંદોલનને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ કોર્ડિનેટર, પ્રોગ્રામ ઓફિસર અને સ્વય સેવકોના મારફતે જન જન સુધી પહુચાડવાનું સંકલ્પ આપ્યું હતું અને તેના સંદર્ભમાં વિવિધ પ્રવૃત્તિઓના આયોજન કરવા માટે ભારપૂર્વક કહ્યું હતું જયારે ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ કોર્ડિનેટર ડૉ. અરુણભાઈ ગાંધી કાર્યક્રમની રૂપરેખા અને સ્વાગત પ્રવચન આપ્યું હતું અતિથી વિશેષ તરીકે શ્રી રમેશભાઈ માછી પોતાના સંબોધનમાં ગુજરાત રાજયના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વય સેવકો દ્વારા થઈ રહી ફીટ ઈન્ડિયા મૂવમેન્ટને લગતી વિવિધ પ્રવૃત્તિઓની વાત કરી હતી અને વિશેષમાં આ કોરોના મહામારીમાં ગુજરાત રાજયની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા કરવામાં આવી જુદીજુદી સેવા પ્રવૃત્તિઓની ગુજરાત રાજયના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે વિશેષ નોંધ લીધી છે અને રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા કરવામાં આવી જુદીજુદી સેવા પ્રવૃત્તિઓને બિરદાવ્યો છે મુખ્ય વકતા તરીકે પ્રો. જમનાદાસ સાવલિયા સાહેબે મેજર ધ્યાન ચંદ વિશે સરસ માહિતી આપી હતી અને સાથે સાથે ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત કઈ કઈ પ્રવૃત્તિઓનો આયોજન આખા વર્ષ કરવું જોઈએ તેનો એક સરસ ખ્યાલ વેબીનારમાં ભાગ લઈ રહ્યા લોકોને આપ્યું હતું.



જયારે વિષય નિષ્ણાત પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ ફીટ ઈન્ડિયા મૂવમેન્ટની શરૂવાતથી લઈ આજ સુધી કરેલી વિવિધ પ્રવૃત્તિઓમાં એક વ્યક્તિ તરીકે અને એક શારીરિક શિક્ષણના વ્યવસાયિકો તરીકે આપણી શું શું ભૂમિકા હોઈ શકે છે તે વિષય માહિતી આપી હતી સંપૂર્ણ કાર્યક્રમનો સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને આભારવિધિ ઈ. ટી. આઈ. સાદરાના સંચાલકશ્રી ડૉ પ્રવીણભાઈ દુલેરાએ કર્યું હતું

# અશ્વારોહણની તાલીમ માટે રાજ્યમાં ૧૦ હોર્સ રાઈડીંગ સ્કૂલ શરૂ કરવા નિર્ણય

ગાંધીનગર, તા.૩૧

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે, રાજ્યના સાહસિક યુવાનોને અશ્વારોહણની તાલીમ મળે તે માટે રાજ્યના વિવિધ જિલ્લા અને શહેરોના પોલીસ હેડકવાર્ટરમાં પોલીસ વિભાગ હસ્તકના માઉન્ટેડ યુનિટ ખાતે અગાઉ અશ્વારોહણની તાલીમ આપવા માટેની હોર્સ રાઈડીંગ સ્કૂલ ચલાવવામાં આવતી હતી. છેલ્લા ઘણા સમયથી આ રાઈડીંગ સ્કૂલ બંધ હતી. જેથી અશ્વ પ્રેમી સહિતના અન્ય નાગરિકોની આવી અશ્વારોહણ તાલીમ શાળા ફરી શરૂ થાય તેવી લાગણી હતી. જેને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે રાજ્યના દસ જેટલા સ્થળે આવી હોર્સ રાઈડીંગ સ્કૂલ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ દશ શાળાઓમાં ૩ મહિનાના બેઝિક કોર્સનું આયોજન કરાશે. રસ ધરાવતા યુવાનો-નાગરિકોએ નજીકની પોલીસ રાઈડીંગી સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. પ્રદીપસિંહ જાડેજાએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારના ગૃહ વિભાગના તા.૧૦/૦૫/૧૯૮૫ ના ઠરાવ અન્વયે રાજ્યના તમામ શહેર/જિલ્લા માઉન્ટેડ યુનિટમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને તમામ નાગરિકોને ઘોડેસવારીની તાલીમ આપવા અંગે સ્થાનિક અનુકુળતાને ધ્યાનમાં લઈને કાયમી ધોરણે તાલીમ વર્ગો ચલાવવા માટે માઉન્ટેડ યુનિટ ખાતે રાઈડીંગ સ્કુલને મંજુરી આપવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીને સત્તા સોંપવામાં આવી હતી. જે સંદર્ભે અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, હિંમતનગર, ભુજ, ભાવનગર, મહેસાણા, દાહોદ અને ગાંધીનગર ખાતે અગાઉ પોલીસ હેડ ક્વાર્ટરમાં નાગરિકોને અશ્વારોહણ કરવા માટેની વિધિવત તાલીમ આપવામાં આવતી હતી. પરંતુ છેલ્લા એક વર્ષથી પણ વધુ સમયથી આ અશ્વરાઈડીંગ શાળાઓ બંધ હતી. જેથી અશ્વપ્રેમીઓ અને અશ્વારોહણ જેવા સાહસિક ખેલમાં રૂચિ ધરાવતાં યુવાનો દ્વારા આવી અશ્વ રાઈડીંગ શાળાઓ ફરી શરૂ કરવા માટેની રજૂઆત મળી હતી. જેને ધ્યાને લઈને રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આવી રાઈડીંગ સ્કૂલ ફરી શરૂ કરવા મંજૂરી આપવામાં આવી છે. આ માટે રાજ્યના ડી.જી.પી. દ્વારા સંબંધીત તમામ એકમોને રાઈડીંગ સ્કૂલ ફરી શરૂ કરવા આદેશ કરી દેવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ કે, રાજ્યની આ અશ્વ રાઈડીંગ સ્કુલો ખાતે હવે ઘોડેસવારની તાલીમ આપવા તાલીમાર્થીઓ માટે ૩ માસનો બેઝિક તાલીમ કોર્ષ અને ૩ માસનો એડવાન્સ તાલીમ કોર્ષનું આયોજન કરવામાં આવશે. આવી તાલીમ માટે આવતા તાલીમાર્થીઓને નક્કી કર્યા મુજબ ઘોડેસવારીની પરીક્ષા લઈને ઓછામાં ઓછા ૫૦% ગુણ પ્રાપ્ત કરે તો ઘોડેસવારીના પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. હાલની કોરોનાની મહામારીને ધ્યાનમાં લેતાં, રાઈડીંગ સ્કૂલ ખાતે ચાલતી તાલીમ દરમિયાન યોગ્ય સોશ્યલ ડીસ્ટંન્સીંગ સહિતની તકેદારીઓ સાથે જ રાઈડીંગ સ્કૂલ શરૂ થાય તે માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે. તાલીમ લેવા ઈચ્છુક નાગરિકોએ નજીકની પોલીસ રાઈડીંગ સ્કૂલનો સંપર્ક કરવા ગૃહ વિભાગ દ્વારા વધુમાં જણાવાયું છે.

## આરઆઈસીએસ સ્કૂલ ઓફ બિલ્ટ એન્વાયરમેન્ટે વર્ષ ૨૦૨૦નું નવું સત્ર શરૂ થયાની જાહેરાત કરી

ગાંધીનગર, તા. ૩૧

એમિટી યુનિવર્સિટીની આરઆઈસીએસ સ્કૂલ ઓફ બિલ્ટ એન્વાયરમેન્ટે નવા વિદ્યાર્થીઓની બેચ માટે નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૦-૨૧ શરૂ કરવાની જાહેરાત કરી છે. નવું શૈક્ષણિક સત્ર ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૦થી નોઈડા અને મુંબઈના કેમ્પસમાં ઓનલાઈન મોડમાં શરૂ થશે. આરઆઈસીએસ એસબીઈએ તેના નોઈડા અને મુંબઈના કેમ્પસમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ હાજરી માટે મંજૂરી મળે ત્યાં સુધી ઓનલાઈન સત્રો શરૂ કરવાના નિયમનકારી નિર્દેશોને અનુરૂપ સત્ર શરૂ કરવા માટે તૈયારીઓ કરી લીધી છે. સંસ્થા કેમ્પસમાં વિદ્યાર્થીઓને આવકારવા માટે જરૂરી બધું જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે. જોકે, હાલમાં સરકારના નિર્દેશોને અનુરૂપ ઓનલાઈન વર્ગો લેવાશે. પાછળથી શૈક્ષણિક સંસ્થાઓને કેમ્પસમાં વર્ગો ચલાવવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવશે ત્યાર પછી વર્ગોને પરંપરાગત રીતે કેમ્પસમાં ખસેડવામાં આવશે. આરઆઈસીએસ એસબીઈના ફેકલ્ટી સભ્યો મહામારીની શરૂઆતથી વર્તમાન બેચના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપી રહ્યા છે. અમારા વર્તમાન વિદ્યાર્થીઓના શિક્ષણ પર કોરોના મહામારીની કોઈ વિપરિત અસર ન પડે તે માટે સંસ્થાએ ટેક્નોલોજીના ઉકેલોમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે. વિદ્યાર્થીઓએ પ્રેક્ટિકલ શિક્ષણના ભાગરૂપે વર્ચ્યુઅલ લેબ સાથે વિવિધ ડિજિટલ ટૂલ્સ મારફત શિક્ષણનો અનુભવ મેળવ્યો છે. આરઆઈસીએસ એસબીઈ નિયમિત વર્ગો શરૂ કરવા વિગતવાર એસઓપી સાથે તૈયાર છે ત્યારે સંસ્થાએ શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવી છે, જે અનેક આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રચલિત છે.

# સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું






ચિલોડા, તા. ૩૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બીએ., એમએ, વિદ્યાશાખા તેમજ શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખાના રમતગમત ટ્રેકમાં અને હિંચકાબાગ આંબાવાડિયામાં ઊગેલું ઘાસ કાઢી સ્વચ્છ ટ્રેક અને સ્વચ્છ આંબાાવાડિયું બનાવવા માટે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાની બંને વિદ્યાશાખાઓના સલામતી સેવકો, નિયતવેતન સેવકો, ગૃહમાતા-ગૃહપતિ ભેગા મળી સ્વચ્છ બનાવવાનો નિર્ધાર કર્યો છે. આ સ્વચ્છતા અભિયાનની વિશેષતા જોઈએ તો સફાઈ કાર્ય કરતાં કરતાં પ્રકૃતિના અને વર્ષાના ગીતો સંગીત કલાકાર જગદીશભાઈ પરીખે ગાયાં હતા. મોહનભાઈ પટેલ અને ડૉ. ભરતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળઆ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.

# આર સી પટેલ સ્કૂલમાં ઓનલાઈન મહેંદી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર સી પટેલ હાઈસ્કૂલ દ્વારા ઓનલાઈન મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં શાળાની ૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.


જેમાં પ્રથમ સ્થાને જયોતિ સવાભાઈ જાદવ (ધોરણ-૯એ) બીજા સ્થાને જીયા ભદ્રેશભાઈ પટેલ (ધોરણ-૯એ), જયારે ત્રીજા સ્થઆને હસ્તી પરેશભાઈ કાકડીયા (ધોરણ-૧૦બી) વિજેતા થયા હતા.

વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિર્ણાયક તરીતે દક્ષાબોન પટેલે જવાબદારી સંભાળી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન શ્રેયાબોન પટેલે કર્યું હતું. શાળાના આચાર્ય વિનોદભાઈ પટેલે સ્પર્ધક વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## એસ કે પટેલ સ્કૂલમાં ઈયરબડ અને મૈજ પ્રિન્ટિંગ એક્ટિવીટી થઈ

ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં શિક્ષિકાઓએ જુનિયર કેજીમાં મૈજ પ્રિન્ટિંગ અને સિનિયર કેજીમાં ઈયરબડની ઓનલાઈન એકટીવીટી કરાવી હતી. અને બાળકોએ પણ આ એક્ટિવીટી કરીને ખુબ જ આનંદ માણ્યો હતો. તથા તેઓએ આ એક્ટિવીટીના ફોટા અને વીડિયો મોકલ્યા હતા. આમ બાળકો તથા વાલીઓનો સારો એવો રિસ્પોન્સ મળી રહ્યો હતો અને શિક્ષિકાઓ પણ આવી અલગ અલગ એક્ટિવીટીના વીડિયો બનાવીને મોકલી રહ્યા છે. જેનાથી બાળકો વધારે પ્રોત્સાહિત થઈને આવી એક્ટિવીટીઓ ઘરે બેઠા કરીને તેઓ ખૂબ જ આનંદ માણી રહ્યા છે.



# જે બી પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન વેશભૂષા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે બી પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૩નાં વિદ્યાર્થીઓ માટે તા. ૨૯મી ઓગસ્ટે ઓનલાઈન વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૯ જેટલા વિદ્યાર્થીઓએ માતાપિતાનાં સહકારથી અને શિક્ષકોનાં માર્ગદર્શનથી ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જેમાં વિદ્યાર્થીઓએ શ્રીરામ, શ્રીકૃષ્ણ, ભગવાન શંકર, શ્રી હનુમાનજી, શ્રવણ, ડૉકટર, વૃક્ષ, ખેડૂત, શિક્ષક, પ્રિન્સિપાલ જેવા વિવિધ પાત્રોની વેશભૂષામાં સજ્જ બની પાત્ર પરિચય કરાવ્યો હતો. સાથે સાથે દરેક પાત્રમાં જીવનમાંથી બોધપાઠ આપતાં વાક્યો રજૂ કરી તે મુજબ જીવન જીવવાની શીખ આપી હતી.

વેશભૂષાનાં કાર્યક્રમ દરમિયાન આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે માતાપિતાનાં સહયોગથી ભાગ લેનાર વિદ્યાર્થીઓનો તથા તેમનાં વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી




પ્રા. રમેશભાઈ પટેલ
સંયોજક મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા
મો. ૯૪૨૮૨૧૭૬૮૨



મિલાપ ટાટરીયા



ઠાકર દક્ષાબેન સતીશકુમાર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬



સ્મિત સોલંકી



પ્રથમ સંજયકુમાર દરજી



અનવરભાઈ કે દિવાન
મો. ૯૮૨૫૫ ૯૭૯૩૧



જીવણજી અમૃતજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯



શૌર્ય શાહ
મો. ૮૨૦૦૧૮૬૪૦૧

